ગોરવામાં રૂપિયા બાબતે જાહેરમાં ફેટમબાજી કરતા બે યુવકોનો વિડીયો વાયરલ, બંનેની અટકાયત

વડોદરા, વડોદરાના ગોરવા વિસ્તારમાં જાહેરમાં ફેટમબાજી કરી લોક ટોળા ભેગા કરનાર બે યુવકોનો વિડીયો વાયરલ થયો હતો. પોલીસે બંનેને ઝડપી પાડી કાર્યવાહી કરી હતી. ગોરવા આઈટીઆઈ પાસે ગઈ મોડી રાત્રે બે યુવકો વચ્ચે રૂપિયાની લેવડદેવડ બાબતે બોલાચાલી થતા જાહેરમાં અપશબ્દો ઉચ્ચારી છુટાહાથની મારામારી કરતા હતા. જેથી બનાવના સ્થળે ટોળું ભેગું થયું હતું. ગોરવા પોલીસે બનાવવા અંગે સ્થળ પરથી સોહીલ યશવંતસિંહ રાઠોડ (મધુનગર,ગોરવા) અને આસિફ રહીમભાઈ ઘોરી (સમશેર નગર, મધુ નગર પાસે,ગોરવા) ની અટકાયત કરી હતી. પોલીસ સ્ટેશનમાં બંને જણા હાથ જોડીને માફી માંગતા નજરે પડ્યા હતા.

એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર શુક્રવાર, ઑક્ટોબર ૨૫ના રોજ ખૂલશે

અમદાવાદ, શાપૂરજી પલોનજી જૂથની ફ્લેગશિપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એન્જિનિયરિંગ અને કન્સ્ટ્રક્શન કંપની એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. ૧૦/-ની મૂળ કિંમતના ઈક્વિટી શેર માટે રૂ. ૪૪૦/- થી રૂ. ૪૬૩/- પ્રતિ ઈક્વિટી પ્રાઈસ બેન્ડ નક્કી કરાઈ છે. ગયા અઠવાડિયે, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે પ્રી-IPO પ્લેસમેન્ટમાં કંપનીના મેનેજમેન્ટ, વ્યક્તિગત અને સંસ્થાકીય રોકાણકારો પાસેથી રૂ. ૨,૯૬૭ કરોડ એકત્ર કર્યા હતા. IPO પહેલાની બુકમાં GIC સિંગાપોર, Enam હોલિંગ્સ (આકાશ ભણશાલી), Synergy Capital, 360 One, M&G ઈન્વેસ્ટમેન્ટ્સ, થિંક ઈન્વેસ્ટમેન્ટ્સ, ડિસ્કવરી કેપિટલ મેનેજમેન્ટ, આર્સેલર મિત્તલના આર્ટિઅન ઈન્વેસ્ટમેન્ટ, મધુસૂદન કેલા, વ્હાઈટ ઓક અને વધુ દિગ્ગજ નામોનો સમાવેશ થાય છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર ("IPO" અથવા "ઑફર") શુક્રવાર, ઑક્ટોબર ૨૫, ૨૦૨૪, સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને મંગળવાર, ઑક્ટોબર ૨૯, ૨૦૨૪ ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૩૨ ઈક્વિટી શેર માટે બિડ કરી શકે છે અને ત્યારબાદ ૩૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરવાની રહેશે. IPOમાં કર્મચારી આરક્ષણ હિસ્સામાં લાયક કર્મચારીઓને ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૪ નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યું છે. IPO એ રૂ. ૧૨૫૦ કરોડ સુધીના તાજા ઈશ્યુ અને રૂ. ૪૧૮૦ કરોડ સુધીના વેચાણની ઓફરનું મિશ્રણ છે. તેના તાજા ઈશ્યુમાંથી મળેલી રકમનો ઉપયોગ બાંધકામ સાધનોની ખરીદી માટે મૂડી ખર્ચ માટે રૂ. ૮૦ કરોડની સુધી કરવામાં આવશે; લાંબા ગાળાની કાર્યકારી મૂડીની જરૂરિયાતોના ભંડોળ માટે રૂ. ૩૨૦ કરોડ; કંપની દ્વારા મેળવવામાં આવેલ અમુક બાકી ઉધાર અને સ્વીકૃતિઓના એક ભાગની પૂર્વચુકવણી અથવા સુનિશ્ચિત ચુકવણી માટે અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ સાધવા માટે રૂ. ૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. (૩-૧)

૧૬ ડિસેમ્બરના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર પેન્શન અદાલતનું આયોજન

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર રેલવે બોર્ડની સૂચના મુજબ નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત પ્રશ્નોના ઝડપી નિકાલ માટે ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ (સોમવાર)ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ ડિવિઝનમાંથી જે પણ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે તે પેન્શનરો/ ફેમિલી પેન્શનરોની પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે ૧૬.૧૨.૨૦૨૪ ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ ડિવિઝનમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ, પેન્શનરો/ કૌટુંબિક પેન્શનરો અને પેન્શન સંબંધિત ફરિયાદો હોય, તેઓ તેમની અરજી (ત્રણ પ્રતિકૃતિમાં) ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) ઑફિસ, અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલવે, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ માં ૧૪.૧૧.૨૦૨૪ સુધી સબમિટ કરી શકે છે. કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, PPO નકલ અને ફરિયાદનો પ્રકાર દાખલ કરો. જો કોઈ પેન્શનર ઈમેલ દ્વારા અરજી કરવા માંગે છે, તો તે અપેલ ઈમેલ ID- pensionadalat 2020adi @gmail.com પર પણ અરજી કરી શકે છે.

અદાણીએ ૮,૧૦૦ કરોડની ઈક્વિટી વેલ્યુ પર ઓરિએન્ટ સિમેન્ટ હસ્તગત કરી

અમદાવાદ, ડાયવર્સિફાઇડ અદાણી ગ્રુપનો ભાગ અને અદાણી સિમેન્ટની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ્સ કંપની અંબુજા સિમેન્ટ્સે રૂ. ૮,૧૦૦ કરોડની ઈક્વિટી વેલ્યુ પર ઓરિએન્ટ સિમેનટ્ લિમિટેડ (ઓસીએલ)ના હસ્તાંતરણ માટે બાઈન્ડિંગ એગ્રીમેન્ટ કર્યાની આજે જાહેરાત કરી હતી. અંબુજા તેના હાલના પ્રમોટર્સ તથા કેટલાક પબ્લિક શેરહોલ્ડર્સ પાસેથી ઓસીએલના ૪૬.૮ ટકા શેર્સ હસ્તગત કરશે. આ હસ્તાંતરણ સંપૂર્ણપણે આંતરિક સ્રોતો તરફથી મળનારા ફંડ દ્વારા કરવામાં આવશે. અંબુજા સિમેનટ્સના ડિરેક્ટર શ્રી કરણ અદાણીએ જણાવ્યું હતું કે "આ યોગ્ય સમયે થયેલું હસ્તાંતરણ અંબુજા સિમેન્ટની વેગવંતી વૃદ્ધિ સફરમાં એક મહત્વપૂર્ણ પગલું છે જેમાં અંબુજાના હસ્તાંતરણ કર્યાના બે વર્ષમાં જ સિમેન્ટ ક્ષમતામાં ૩૦ એમટીપીએનો વધારો થયો છે. ઓસીએલના હસ્તાંતરણથી અંબુજા નાણાંકીય વર્ષ ૨૦૨૫માં ૧૦૦ એમટીપીએ સિમેન્ટ ક્ષમતા સુધી પહોંચવા માટે તૈયાર છે. આ હસ્તાંતરણથી મુખ્ય બજારોમાં અદાણી સિમેન્ટની હાજરી વધશે અને તેના સમગ્ર ભારતના બજાર હિસ્સામાં ૨ ટકાનો વધારો થશે. ઓસીએલની એસેટ્સ ખૂબ જ કાર્યક્ષમ અને રેલવે સાઈડિંગ સાથે સજ્જ તેમજ કેપ્ટિવ પાવર પ્લાન્ટ્સ, રિન્યૂએબલ એનર્જી, ડબ્લ્યુએચઆરએસ અને એએફઆર ફેસિલિટીઝ દ્વારા સમર્થિત છે. ઓસીએલના વ્યૂહાત્મક સથલો, ઉચ્ચ ગુણવત્તાના ચૂનાના પથ્થરોના સંગ્રહો અને જરૂરી નિયમનકારી મંજૂરીઓ નજીકના ગાળામાં સિમેન્ટની ક્ષમતા વધારીને ૧૬.૬ એમટીપીએ કરવા માટેની તકો રજૂ કરે છે."(૧)

અદાણી વિદ્યામંદિર અમદાવાદ ખાતે અનોખા દિવાળી મેળાનું આયોજન

અમદાવાદ, અદાણી વિદ્યામંદિર અમદાવાદ(AVMA) વિદ્યાર્થીઓની સાથો-સાથ વાલીઓમાં પણ ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસાવવાના સ્તુત્ય પ્રયાસો કરી રહ્યું છે. તાજેતરમાં શાળામાં દિવાળી પર્વ પૂર્વે દિવાળી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં વિનામૂલ્યે શિક્ષણ લઈ રહેલા બાળકોના વાલીઓએ પોતાના સ્ટોલ્સ ઉભા કરી ચીજવસ્તુઓનું વેચાણ કર્યું હતું. આ નવતર અભિગમથી વિદ્યાર્થીઓને પણ ઉદ્યોગસાહસિક બનવાની પ્રેરણા મળી હતી. પ્રકાશપર્વ દિવાળી પૂર્વે AVMA ખાતે એક અનોખો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. વાલીઓ અને વિદ્યાર્થીઓએ મળીને તેમાં ઉત્સવની સર્જનાત્મકતાનું પ્રદર્શન કર્યું હતુ. તેમણે પોતાની આવડત અને કૌશલ્યો મુજબ વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ બનાવી તેના વેચાણર્થે શાળામાં જ સ્ટોલ લગાવ્યા હતા. AVMA દ્વારા તમામ વાલીઓને પોતાની સર્જનાત્મકતા ઉજાગર કરવા પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું હતું.

AVMA જરૂરિયાતમંદ બાળકોને ૧૦૦ ટકા ખર્ચ વિનાનું શિક્ષણ જ નહીં, પરંતુ તેમની સાથે સંકળાયેલા પરિવારોનો આત્મવિશ્વાસ વધારવા પ્લેટફોર્મ પૂરું પાડીને આર્થિક વિકાસ તરફ દોરી જાય છે. AVMA ખાતે સ્ટોલ્સ પર તમામ વાલીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિદ્યાર્થીઓને 'લર્ન ટુ અર્ન' ના મૂલ્યો સમજાવ્યા હતા. આ વર્ષે કુલ સ્ટોલ્સની સંખ્યા ૧૨ રાખવામાં આવી હતી, જેને આવતા વર્ષે વધારવાની યોજના છે. સ્ટોલ્સ પર વિવિધ પ્રકારની ગીફ્ટ આઈટમ્સ, કાર્ડ્સ, આકર્ષક દીવાઓ, રંગબેરંગી તોરણો, કપડાંની વિવિધ બનાવટો, કોસ્મેટિક્સ અને હળવા નાસ્તાની ચીજવસ્તુઓ પણ રાખવામાં આવી હતી. (૧૯-૧૧)

શ્રીલંકાના રોટરી ક્લબ ઓફ કોલંબો અને અમદાવાદના રોટરી ક્લબ્સ વચ્ચે સમાજલક્ષી મિટિંગ આયોજિત

અમદાવાદ, તાજેતરમાં શ્રીલંકા ટુરીઝમ દ્વારા અમદાવાદ (ગુજરાત) થી એક મીડિયા અને રોટેરીયન મેમ્બર્સના ટ્રીપ નું આયોજન કરવામાં આવ્યું હતું એના સંદર્ભમાં ૧૭મી ઓક્ટોબરના રોજ કોલંબોના સિનામોન લેક હોટેલ ખાતે અમદાવાદના રોટેરિયન્સ શ્રી દક્ષેશ રાવલ અને શ્રી સૂબોજિત સેને એ કોલંબોના ૯૬ વર્ષ જૂનું રોટરી ક્લબ ઓફ કોલંબો ના અધિકારીઓ સાથે ખાસ મુલાકાત કરી હતી . રોટરી ક્લબ ઓફ કોલંબોના પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર સુશ્રી પુભુડુ ઝોયસા અને પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર શ્રી સેનાકા અમરસિંગાના સાથે સાથે શ્રી ક્રિખ્નથા ફર્નાન્ડો પણ હાજર હતા .બંને દેશોના રોટેરિયન ક્લબ્સ એ એક ફ્લેગ એક્સચેન્જ અને મોમેન્ટો એક્સચેન્જ પ્રોગ્રામ કરી હતી અને સાથે મળીને બંને દેશોમાં સમાજને મદદરૂપ થાય એવા પ્રોજેક્ટ્સ સાથે કરવાનું એક પ્રતિબદ્ધતા અને પ્રણ લીધા હતા. (૧૯-૮)

સુરતમાં સગીરાનું અપહરણ અને દુષ્કર્મ, આરોપી બિહાર લઈ ગયો

સુરત, સુરતમાં વધતી ગુનાખોરી હવે એક ગંભીર મુદ્દો બની ગયો છે. શહેરમાં વધુ એક અપહરણ અને દુષ્કર્મનો કિસ્સો સામે આવ્યો છે. જેમા સાંભળીને તમને નવાઈ લાગશે કે ૩ બાળકોના પિતાએ એક સગીરાનું અપહરણ કર્યુ અને બાદમાં તેને બિહાર લઈ ગયો હતો.

જોકે પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે અને સગીરાને પણ તેના કબ્જામાંથી મુક્ત કરાવી છે. શહેરના ગોપીપુરા કાજીના મેદાન અને ચોક બજાર વિસ્તારમાં પ્લમ્બરિંગનું કામ કરતા વ્યક્તિ જુનેદ મોહમ્મદ મુસ્લિમ શેખે (ઉંમર ૨૮ વર્ષ) ૧૭ વર્ષીય સગીરાને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. બાદમાં તેનું અપહરણ કર્યું જેથી સગીરાના ઘરના લોકો ચિંતામાં મુકાઈ ગયા હતા.

મોદી શાસનમાં ટેક્સ કલેક્શનમાં ૧૮૨%નો વધારો નોંધાવા પામ્યો

નવી દિલ્હી,

જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ માં દેશમાં શાસનની ધૂરા સંભાળી ત્યારે તેમની સરકારે દેશમાં ઘણા આર્થિક સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આમાંથી એક દેશમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધારવા માટેનો સુધારો પણ હતો. હવે તેના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૮૨ ટકાનો વધારો થયો છે. શું તમે જાણો છો કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલો ટેક્સ વસૂલવામાં આવ્યો છે ?

ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં ડાયરેક્ટ ટેક્સનું કલેક્શન ૧૯.૬૦ લાખ કરોડ રૂપિયા હતું. ડાયરેક્ટ ટેક્સનું આ કલેક્શન નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ની સરખામણીએ પ્રત્યક્ષ કર સંગ્રહની તુલનામાં કુલ ૧૮૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

આવકવેરા વિભાગના નવા અહેવાલ મુજબ, કોર્પોરેટ ટેક્સ કલેક્શન છેલ્લા ૧૦ વર્ષમાં બમણું થઈ ગયું છે અને હવે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૯.૧૧ લાખ કરોડથી વધુ થઈ ગયું છે. આ સમયગાળા દરમિયાન વ્યક્તિગત કર વસૂલાતમાં પણ લગભગ ચાર ગણો વધારો થયો છે. તે ૧૦.૪૫ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે.

૨૦૧૪-૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના કાર્યકાળના પ્રથમ વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન લગભગ ૬.૯૬ લાખ કરોડ રૂપિયા હતું. જેમાં આશરે રૂ. ૪.૨૯ લાખ કરોડ કોર્પોરેટ ટેક્સ અને રૂ. ૨.૬૬ લાખ કરોડનો વ્યક્તિગત આવકવેરોનો સમાવેશ થાય છે.

દેશમાં માત્ર આવકવેરાની વસૂલાત જ નથી વધી પરંતુ આવકવેરા રિટર્ન ફાઈલ કરનારા લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૪.૦૪ કરોડ્ ઈ ફાઈલ કરવામાં આવેલા. જેની સંખ્યા વધીને ૨૦૨૩-૨૪માં ૮.૬૧ કરોડથી વધુ થઈ ગઈ છે. જ્યારે, દેશમાં પ્રત્યક્ષ કર અને જીડીપીનો ગુણોત્તર ૨૦૧૪-૧૫માં ૫.૫૫ ટકાથી વધીને ૨૦૨૩-૨૪માં ૬.૬૪ ટકા થયો હતો. કરદાતાઓની સંખ્યા આકારણી વર્ષ ૨૦૧૪-૧૫માં ૫.૭૦ કરોડ હતી, જે મૂલ્યાંકન વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૧૦.૪૧ કરોડ થઈ ગઈ છે.

ભારત સરકાર દેશની અર્થવ્યવસ્થાને સારી રીતે ચલાવી શકે તે માટે ઘણા પ્રકારના કર વસૂલ કરે છે. જેમાં ડાયરેક્ટ ટેક્સ અને ઈનડાયરેક્ટ ટેક્સ બંનેનો સમાવેશ થાય છે.

ડાયરેક્ટ ટેક્સમાં મુખ્યત્વે કોર્પોરેટ ટેક્સ અને ઈક્મ ટેક્સનો સમાવેશ થાય છે. જ્યારે જ્ઝ્ર, કસ્ટમ ડ્યુટી વગેરે પરોક્ષ કરમાં સામેલ છે.

દિવાળી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદે મંદિરો અંગે બનાવી મહત્ત્વાકાંક્ષી યોજના

મુંબઈ, દિવાળી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદે મહારાષ્ટ્ર અને ગોવા ક્ષેત્રમાં ત્રિસૂત્રી કાર્યક્રમની જાહેરાત કરી છે. આ અંતર્ગત પરિષદ વિવિધ સમાજને જોડીને ભાગવત ધ્વજ પૂજન, મંદિરોમાં રોશની અને મંદિરોની સફાઈનું અભિયાન શરૂ કરવા જઈ રહી છે. આ અભિયાન મહારાષ્ટ્રના ૫૦૦૦ થી વધુ મંદિરોમાં ચલાવવામાં આવશે. વિશ્વ હિન્દુ પરિષદે દરરોજ ૪ કલાક આ અભિયાન ચલાવવાની યોજના તૈયાર કરી છે. આ માહિતી વિશ્વ હિન્દુ પરિષદના મંદિરના વિસ્તારના વડા અને આર્ક પુજારી સંપર્ક પરિમાણ અનિલ સાંબ્રેએ આપી હતી. ત્રિસૂત્રીમાં ત્રણ વિષયો લેવામાં આવ્યા છે, મંદિરની સ્વચ્છતા, મંદિરની રોશની, મંદિરના ભગવા ધ્વજનું વિવિધ પ્રકારનું ધ્વજ પૂજન, સમાજના યુવા દંપતિ દ્વારા ધ્વજ પૂજન. દિવાળી દરમિયાન સમગ્ર મહારાષ્ટ્રમાં ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ મંદિરો રોશનીથી ઝળહળી ઉઠશે, જેનાથી સમગ્ર સમાજને લાગશે કે આ મંદિરો હિંદુ સમાજનું નેતૃત્વ કરી રહ્યા છે, તેમજ વિવિધ સમુદાયોના યુવા યુગલોને ભાગવત ધ્વજનું વિતરણ કરવામાં આવશે પૂર્ણ સમાજના તમામ ઘટકોને આ અભિયાનમાં સામેલ કરવામાં આવશે.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

એન્જીનિરીંગ કામ

ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC 092 TO 093 OF 2024-25

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 092 of 2024-25,** કામનું નામઃ વડોદરા ડિવિઝન :- આણંદ-ગોધરા સેકશન પર ડાયવર્ઝન રોડની જોગવાઈ કરીને LCs ના જોડાણ દ્વારા લેવલ ક્રોસિંગ્સની નાબુદી. **કામની અંદાજીત પડતર (₹ માં):** 3,80,32,431.11, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં):** 3,40,200.00, **અનું. નં.2: ટેન્ડર નં. DRM BRC 093 of 2024-25,** કામનું નામઃ વડોદરા ડિવિઝન :- SSE (વર્કસ) ND ના અધિકારક્ષેત્ર હેઠળ ઓવરહેડ સંચય ટાંકીની સફાઈ અને જીવાણુનાશન કરવાનું કામ. (પુનઃઆમંત્રિત) (R-1) **કામની અંદાજીત પડતર (₹ માં):** 8,91,984.80, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં):** 17,800.00, **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.06-11-2024 ના 15:00 કલાક પહેલા ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. BRC-208

અમને લાઈક કરો: facebook.com/WesternRly

JM FINANCIAL

જેએમ ફાઈનાન્સિયલ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ
કોર્પોરેટ ઓળખ નંબર (CIN) : U67190MH2007PLC74287
રજી.ઓફિસ : સાતમો માળ, સિનર્જી, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫
સંપર્ક વ્યક્તિ : ૧. વારિયા વલ્લભભાઈ -૯૯૨૫૮૨૭૧૨૬, ૨. વિશાલ કેટેલે -૯૫૮૪૯૬૬૬૫૩, ૩. જ્યોતિ સાવંત -૦૨૨-૬૨૨૪૧૬૭૬

ઈ-નિલામી વેચાણ નોટિસ - અનુગામી વેચાણ

પીરામલ કેપીટલ અને હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડે જેએમએફએઆરસી(જેએમ)(અહીં સોંપણી તરીકે ઓળખવામાં આવે છે)કે જે જેએમએફએઆરસી-અરન્ય-ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્ય કરે છે, તેમની તરફેણમાં તા.માર્ચ ૨૯, ૨૦૨૩ (સોંપણી કરાર)ના રોજના સોંપણી કરાર સાથે સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ)ની કલમ ૫(૧) હેઠળ તેના તમામ અધિકારો, નામો, હકો અને હિતો સહિત તથા તેના માટે બનાવેલ સુરક્ષા વ્યાજ સાથેનો લોનનો પૂલ (નીચે દર્શાવેલ લોનો સહિત) સોંપેલ છે. આથી સૂચિત કરવામાં આવે છે કે પીસીએચએફએલ ને અસાઈનમેન્ટ/સેવા કરાર સાથેની તમામ ઓપરેશનલ પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે સેવા પ્રદાન કરનાર કલેકશન/એજન્ટ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવેલ છે.
સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત મિલકતોનો કબ્જો લેવાના અનુસંધાનમાં, ઉધાર લેનારા(ઓ) પાસેથી બાકીની રકમની વસુલાત માટે નીચે વર્ણવ્યા મુજબ, સ્થાવર મિલકતની ખરીદી માટે નીચે સહીં કરનાર દ્વારા ઓફર આમંત્રિત કરવામાં આવે છે, જે ભૌતિક કબ્જામાં મિલકત છે તે જે છે, જેમ છે, જ્યાં છે, જેના આધારે છે તેની વિગતો નીચે આપવામાં આવેલ છે.

લોન કોડ/શાખા/ દેવાદાર(રો)/ સહદેવાદાર(રો)/જામીનદાર(રો)	ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ	મિલકતનું સરનામું આખરી	અનામત કિંમત	બાનાની થાપણ કિંમત (ઈએમડી) (૧૦%આરપીના)	બાકી લેણાં રકમ (૧૭-૧૦-૨૦૨૪)
લોન કોડ નં.૧૬૭૦૦૦૨૦૭૮/ મેહસાણા શાખા, અશોકભાઈ દેવચંદભાઈ નાઈ (દેવાદાર) રેખાબેન અશોકભાઈ નાઈ (સહ દેવાદાર-૧)	તા.૨૯-૦૬-૨૦૨૧ રૂ.૧૩,૦૯,૪૨૫/- (તેર લાખ નવ હજાર ચારસોને પચ્ચીસ રૂપિયા પુરા)	મિલકતના તમામ ભાગો અને પાર્સલો, મિલકત એક્ષટેન્ટ પ્લોટ નં.૨૮ પૈકી ઉત્તર બાજુ, પ્રિતમ નગર, એપીએમસી પાછળ, ડીસા, ગુજરાત-૩૮૫૫૩૫. સિમાબદ્ધ : ઉત્તરમાં પ્લોટ નં.૨૭, દક્ષિણમાં પ્લોટ નં.૨૮ પૈકી માં સંતુલિત જમીન, પૂર્વમાં રોડ, પશ્ચિમમાં પ્લોટ નં.૨૫	રૂ.૧૦,૪૪,૯૦૦ /-(રૂપિયા દસ લાખ ચુમ્માલીસ હજાર અને નવસો પુરા)	રૂ.૧,૦૪,૪૯૦/- (રૂપિયા એક લાખ ચાર હજાર ચારસોને નેવું પુરા)	રૂ.૨૨,૫૯,૯૧૨/ -(રૂપિયા બાવીસ લાખ ઓગણસાઠિ હજાર નવસોને બાર પુરા)

ઈ-નિલામી તારીખ : ૧૨-૧૧-૨૦૨૪, સવારે ૧૧-૦૦ થી બપોરે ૧-૦૦ કલાક સુધી (દર ૫ મિનિટના અસિમિત વિસ્તરણ સાથે). બીડ સબમિટ કરવાની આખરી તારીખ : ૧૧-૧૧-૨૦૨૪, સાંજે ૪-૦૦ વગ્યાં પહેલાં.
વિગતવાર વેચાણને લગતાં નિયમો અને શરતો જાણવા માટે પ્રાદન કરવામાં આવેલી https://www.jmfinancialarc.com/Home/AssetsforsaleOR https://www.bankauctions.in. લિન્કનો સંદર્ભ લેશો.
દેવાદારો/જામીનદારો/ગિરવેદારોને સરફેસી એક્ટ હેઠળ વૈધાનિક ૧૫ દિવસની વેચાણ નોટિસ
ઉપર જણાવેલાં દેવાદારો/જામીનદારોને આથી સૂચિત કરવામાં આવે છે કે કલમ ૧૩(૨)નોટિસમાં જણાવેલ રકમ હરાજીની તારીખની પહેલાંની તારીખ સુધીના સંપૂર્ણ વ્યાજ સાથેની રકમ ચુકતે કરી જવા જણાવવામાં આવે છે, જો નિષ્ફળ જશો તો મિલકતની નિલામી કરી કે વેચાણ કરીને બાકી લેણાં રકમ વ્યાજ અને ખર્ચ સહિત દેવાદારો/જામીનદારો પાસેથી વસુલ કરવામાં આવશે.
તારીખ : ઓક્ટોબર ૨૩, ૨૦૨૪
સ્થળ : ગુજરાત
સહીં
(અધિકૃત અધિકારી) (અરન્ય-ટ્રસ્ટ)

Piramal Finance

પીરામલ કેપીટલ એન્ડ હાઉસીંગ ફાયનાન્સ લિ. CIN:L65910MH1984PLC032639
રજીસ્ટર્ડ ઓફિસ સરનામું : યુનિટ નં. ૬૦૧, છઠ્ઠો માળ, પિરામલ અમીતી બિલ્ડીંગ, પિરામલ અગસ્ત્ય કોર્પોરેટ પાર્ક, કમાણી જંક્શન, ફાયર સ્ટેશનની સામે, એલબીએસ માર્ગ, કુરલા (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૭૦, ફોન નં. +૯૧ ૨૨ ૩૮૦૨ ૪૦૦૦
શાખા સરનામું : ૨૦૮-૨૧૨, બીજો માળ, તુરકોઈસ્ટ, પંચવટી કોસ રોડ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯
સંપર્ક વ્યક્તિ : (૧). દિપનેશ શઢોડ - ૯૬૮૬૫૧૯૫૫, (૨). વરીયા વલ્લભભાઈ - ૯૬૨૫૮૨૭૫૨૬ (૩). વિશાલ કેટેલે - ૯૫૮૪૬૬૬૫૩

ઈ-હરાજી સેલ નોટીસ - અનુગામી વેચાણ

આથી નીચે સહી કરનાર, પીરામલ કેપીટલ એન્ડ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ ના અધિકૃત અધિકારી તરીકે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતો સુરક્ષીત લેણદારને ગીરો / ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો લઈ લીધેલ છે, અધિકૃત અધિકારી દ્વારા "જેમ છે ત્યાં" "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે" નીચે દર્શાવેલ તારીખ અને સમય પર વેચાણ કરવામાં આવશે. જેની વિગતો નીચે આપેલ છે.

લોન કોડ/શાખા/ઉધારકર્તાઓ /સહ-ઉધારકર્તાઓ /જામીનદારો	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	મિલકતનું સરનામું	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (આરપી ના ૧૦%)	બાકી લ્હેણી રકમ (૧૮.૧૦.૨૦૨૪)
(Loan Code No. M0086696) / સુરત (શાખા), બનામાલી સાહુ (ઉધારકર્તા), સંતોષીની સાહુ (સહ-ઉધારકર્તા-૧)	તા : ૧૭.૦૮.૨૦૨૩ રૂ. ૧૧,૩૮,૪૬૯/- (રૂ. અગિયાર લાખ આડત્રીસ હજાર ચારસો ઓગણસિત્તેર પુરા)	તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો પ્લોટ નં. ૧૨૫, બાલાજી વિલા, સુરત - ૩૯૪૩૧૦.	રૂ. ૮,૮૦,૦૦૦/- (રૂ. આઠ લાખ એંસી હજાર પુરા)	રૂ. ૮૮,૦૦૦/- (રૂ. ઈઠયાસી હજાર પુરા)	રૂ. ૧૩,૨૬,૫૯૫/- (રૂ. તેર લાખ છવ્વીસ હજાર પાંચસો પચ્ચાણું પુરા)
(Loan Code No. 06400000914) / રાજકોટ (શ